ગાંધીનગર સમાચાર

તા. ૨૪-૯-૨૦૧૪, બુધવાર

## તંત્રી સ્થાનેથી....

### નવરાત્રીના નવા સંદર્ભો

રૂમઝૂમ પગલે નવલી નવરાત્રી આવી રહી છે. આમ જુઓ તો એ સૃષ્ટિનો સચરાચર ઉત્સવ, પરંતુ ગરવી ગુજરાતણોની પેટન્ટ આઈટમ બની ગઈ છે. જગજનનીની ઉપાસનાનો આ વિશ્વનો સૌથી લાંબો વખત ચાલતો નૃત્યોત્સવ છે. ગુજરાતની મોનોપોલી એવી કે આ ઉત્સવ છેલ્લા કેટલાય સૈકાઓથી ગુજરાતની ઓળખ બની ગયેલ છે. પચાસેક વરસ દરમિયાન એનું પૂર્ણપણે વ્યાપારીકરણ થઈ ગયું છે. દુનિયાનો કોઈ પ્રદેશ એવો નહીં હોય જયાં એકાદ ગુજરાતી મહોલ્લો હોય છતાં નવરાત્રી ન ઉજવાતી હોય. બંગાળનો દુર્ગા મહોત્સવ એ શક્તિ ઉપાસનાનું જ પર્વ રહ્યું જયારે નવરાત્રીમાં શક્તિ અને સંસ્કૃતિ ઉપરાંત સૌંદર્યની ઉપાસના ઉમેરાતાં એ વિશ્વનું સૌથી આકર્ષક ત્રિવેણી પર્વ બની રહ્યું છે. દુનિયા આખી ગુજરાતની નવરાત્રીની ચાતક નજરે રાહ જોઈ રહે છે. એમાં પણ હવે તો એક એવા શક્તિ ઉપાસક દેશનું સુકાન સંભાળી રહ્યા છે, જે નવરાત્રી દરમિયાન નવે દિવસ નકોરડા ઉપવાસ કરે છે - ભૂમિશયન કરે છે. યોગાનુયોગ આ જ દિવસો દરમિયાન વડાપ્રધાન અમેરિકાની અધિકૃત મુલાકાતે જઈ રહ્યા છે. વર્ષો સુધી નરેન્દ્ર મોદી નામના ગુજરાતી નેતા પ્રત્યે ભયંકર પૂર્વગ્રહ ધરાવતું અમેરિકા બરાબર નવરાત્રીના જ દિવસોમાં એમનું ભવ્ય સ્વાગત કરવા થનગની રહ્યું છે. સમય બદલાયો છે. મોદીને ૨૦૦૨ના નરસંહારના ગુનેગાર માનીને વિઝા નહીં આપવાનો દૃઢ સંકલ્પ કરનાર વિશ્વના જમાદારને 'વાણિયામૂઝ નીચી' વાળી પરિસ્થિતિમાં મુકાઈ જવું પડ્યું છે. અમેરિકા જતાં પૂર્વે ભારતના વડાપ્રધાને જાપાન અને ચીન જેવાં આર્થિક રીતે શક્તિશાળી રાષ્ટ્રો સાથે ગુફ્તેગુ કરી લીધી છે. નવરાત્રીમાં શક્તિ ઉપાસક ભારતીય વડાપ્રધાન અમેરિકાનું આતિથ્ય તો સ્વીકારશે, પરંતુ 'ડિનર' માં જયારે પ્રમુખ ઓબામા નોનવેજ આઈટમોની જયાફત ઉડાડતા હશે ત્યારે મોદી ફક્ત પાણી પીને વાર્તા પૂરી કરી દેશે! ગુજરાત જેવી જ બલકે એથી અદકેરી ઝાકળઝોળ સાથે અમેરિકા નવરાત્રી ઊજવશે. પરંતુ આ નવરાત્રી દરમિયાન ભારત બીજી એક સિદ્ધિ પણ આંબી રહ્યું છે. ભારતનું મંગળયાન મંગળગ્રહની ભ્રમણ કક્ષામાં પ્રવેશી ચૂક્યું છે. યુપીએ-૨ દરમિયાન આરંભાયેલું આ અવકાશી અભિયાન એનડીએના મોદી શાસનમાં સંપન્ન થશે. મોદી સદેહે ઉપસ્થિત રહી વૈજ્ઞાનિકોને બિરદાવશે. કટ્ટર હિન્દુત્વવાદીની ઈમેજ ધરાવતા મોદી વડાપ્રધાન થતાંની સાથે સર્વસમાવેશી આંતરરાષ્ટ્રીય નેતા તરીકે ઉપસી રહ્યા છે. એમણે 'જય જવાન જય કિસાન' વાળા શાસ્ત્રીના સૂત્રના અનુકરણ સ્વરૂપે નવું સૂત્ર આપ્યું છે : જય કિસાન, જય વિજ્ઞાન : વળી મુસલમાનો વિશે પણ એમને સીએનએનને આપેલ મુલાકાતમાં જે ઉદારવાદી અભિગમ દર્શાવ્યો છે તે ભારતીય વડાપ્રધાનને શોભે એ બરનો છે. ભારતીય મુસલમાનોનો પૂર્વગ્રહ મહદંશે દૂર થઈ જાય અને મોદી વિશે એ સકારાત્મક દૃષ્ટિકોણ ધરાવતા થાય, એ પ્રકારના વડાપ્રધાનના વલણને સહમતિનો સિક્કો શિવસેના જેવા કટ્ટર હિંદુત્વવાદી સહયોગીએ પણ માર્યો છે. ઉત્તરપ્રદેશની ચૂંટણીમાં 'લવ જેહાદ'નો મુદ્દો બૂમરેંગ થતાં પાર્ટીએ એ મુદ્દાથી સલામત છેટું રાખવાનો નિર્ણય કર્યો છે, છતાં 'બજરંગ દળ' એ મુદ્દો જીવતો રાખે, એની સામે એને વાંધો નથી! મધ્યપ્રદેશનાં મહાનગરોમાં ત્યાંના ભાજપી અગ્રણીઓ ખુલ્લેઆમ નવરાત્રી દરમિયાન ગરબારાસના સાર્વજનિક કાર્યક્રમોમાં મુસલમાન યુવાનોને પ્રવેશબંધી ફરમાવી રહ્યા છે. નવરાત્રી એ હવે એકલા હિંદુઓનું પર્વ નથી રહ્યું. એક રીતે જોઈએ તો આ દિવાળી અને હોળી ધુળેટી કે મકરસંક્રાતિ જેવું રાષ્ટ્રીય બલકે આંતરરાષ્ટ્રીય પર્વ બની ચૂક્યું છે ત્યારે ભાજપના નેતાઓ તેમની સાંપ્રદાયિક માનસિકતા છોડવાને બદલે નવરાત્રીને હિંદુઓનો જ તહેવાર બનાવી દેવા માગતા હોય તો હવે એ વહેવારું અભિગમ નહીં જ ગણાય. નવરાત્રી દરમિયાન છેડતી, બળત્કાર કે 'લવ જેહાદ' જેવા પ્રસંગો બને છે એ સાચું, પરંતુ એ એક અનિવાર્ય અનિષ્ટ છે, એવી દુર્ઘટનાઓ નિવારવા માટે સમાજ અને સરકારે સહિયારો પુરૂષાર્થ કરવો પડશે. જગજનની પોતે મહિષાસુર મર્દિની છે, એના ગરબે ઘૂમનારી ભારતીય નારીને શું પોતાની મર્યાદા જાળવવાનું શીખવવું પડશે?

સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા

# અડાલજ શ્રીમતી માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિરની ૧૨૪ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ અપાયું

ગાંધીનગર, તા. ૨૩

સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા વાડોકાઈ કરાટે-ડો અકેડમીનાં સહયોગથી અડાલજ ખાતે ૧૧ દિવસીય મહિલા સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર યોજવામાં આવી હતી. શ્રીમતી માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર ખાતે યોજાયેલી આ શિબિરમાં ૧૨૪ વિદ્યાર્થીનીઓએ સ્વબચાવનું પ્રશિક્ષણ લીધું હતું. કરાટે અકેડમીનાં નિષ્ણાત પ્રશિક્ષક જીગ્નેશ ત્રિવેદી તથા તેમની ટીમે વિદ્યાર્થીનીઓને કોલેજના સમય દરમ્યાન જુદી જુદી બેચમાં દરરોજ એક-એક કલાક પ્રશિક્ષણ આપ્યું હતું.

૧૧ દિવસીય આ શિબિરમાં પીટીસીની વિદ્યાર્થીનીઓને પોતાના હાથ-પગનો હથિયાર તરીકે કેવી રીતે ઉપયોગ કરી શકાય તેનું ક્રિયાત્મક પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. જયારે કોઈ પ્રહાર કરે ત્યારે કેવી રીતે રોકી શકાય તથા રોકયા બાદ કેવી રીતે વળતો પ્રહાર કરી શકાય તે શીખવાડવામાં આવ્યું હતું. આ ઉપરાંત કોઈ વ્યક્તિ શરીરને આગળથી કે પાછળથી પકડી લે તો કેવી રીતે છૂટવું તેનો પણ અભ્યાસ કરાવવામાં આવ્યો હતો.

આ શિબિરનો સમાપન સમારોહ તાજેતરમાં સ્ત્રી અધ્યાપન મંદિરના હોલમાં યોજાઈ ગયો. આ સમાપન સમારોહમાં પોલીસ ઈન્સ્પેકટર તથા સુરક્ષા સેતુની કામગીરી સંભાળતા પ્રવિણભાઈ સી. વલેરા તથા વાડોકાઈ કરાટે-ડો અકેડમીનાં ટેકૂનિકલ ડાયરેક્ટર શિહાન શ્રી અરવિંદભાઈ રાણા ઉપરાંત કોલેજનાં આચાર્યા શ્રીમતી સુરેખાબહેન ચૌધરી મંચ ઉપર ઉપસ્થિત રહેલ. સમાપન સમારોહનાં પ્રારંભમાં ૧૧ દિવસમાં જે કળા વિદ્યાર્થીનીઓએ શીખી હતી તેનું નિદર્શન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનાં મુખ્ય અતિથિ પ્રવિણભાઈ સી. વલેરાએ પોતાના વક્તવ્યમાં સરકારશ્રી દ્વારા સુરક્ષા સેતુ પ્રોજેકટના માધ્યમથી મહિલાઓના સશક્તિકરણના કાર્યક્રમોમાં વધુને વધુ મહિલાઓ જોડાય અને લાભ લે તેવો અનુરોધ કર્યો હતો. ઉપરાંત તેમણે વિદ્યાર્થીનીઓને મુશ્કેલી સમયે સરકારશ્રી દ્વારા શરૂ કરાયેલ મહિલા હેલ્પલાઈનના વિવિધ નંબરોની જાણકારી આપી જરુર પડે તેનો કરવા કહ્યું હતું. તેમણે મહિલાઓને અન્યો દ્વારા થતી પજવણી વખતે ચૂપચાપ સહન કરવાને બદલે પ્રતિકાર કરવા માનસિક રીતે તૈયાર રહેવા જણાવ્યું હતું. મહિલાઓએ એકલા જતી વખતે કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ તે વિશે તેમણે ઉપયોગી જાણકારી આપી હતી.

કરાટે અકેડમીનાં વડા શિહાન અરવિંદભાઈ રાણાએ પોતના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે, વ્યક્તિ જયાં સુધી કોઈ વસ્તુ કે કળાના મૂલ્યને સમજતો નથી ત્યાં સુધી તેને પ્રાપ્ત કરવા, તેનું રક્ષણ કરવા પ્રયત્ન કરતો નથી. તેમણે વિદ્યાર્થીનીઓને અનેક ઉદાહરણોના માધ્યમથી શરીરનું મૂલ્ય સમજાવી તેનું રક્ષણ કરવા કરાટે જેવી વિદ્યા શીખવાની પ્રેરણા આપી હતી. તેમણે દરેક શિબિરાર્થીનીઓને જે કળા શીખ્યા છે તેનો નિયમિત અભ્યાસ કરવા સંકલ્પ લેવડાવ્યો હતો.



## સૌરાષ્ટ્ર મીર સમાજનું સ્નેહમિલન યોજાયું : તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માન્યા

સૌરાષ્ટ્ર મીર (મુસ્લીમ) સમાજ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ અને સ્નેહમિલન યોજવામાં આવ્યું હતું.

અમદાવાદ સાવન પાર્ટીપ્લોટ ખાતે ગત ૨૧ સપ્ટેમ્બરના રોજ સૌરાષ્ટ્ર મીર સમાજનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. મીર સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને આ પ્રસંગે સન્માનવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૧૪ માં ધોરણ-૧૦અને ૧૨ માં ઉંચી ટકાવારી મેળવેલ વિદ્યાર્થીઓને આ પ્રસંગે ઈનામ આપી સન્માનવામાં આવ્યા હતા. સન્માન સમારોહમાં ગુજરાતના જાણીતા નિર્માતા, નિર્દેશક અને દિગ્દર્શક એવા અભિલાષ ઘોડા, સમી-હારીજના પૂર્વ ધારાસભ્ય ભાવસિંહ રાઠોડ સહિતના સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.



આત્મન ફાઉન્ડેશન દ્વારા સેક્ટર-૧૬ અંધશાળા ખાતે દેશભક્તિગીતો અને ભજનોની સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં અલગ અલગ વયજૂથ પ્રમાણે કુલ ૨૪ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. વિજેતાઓને સંસ્થા તરફથી રોકડ પુરસ્કાર આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સી.એલ. મહેતા, વાગ્મીનભાઈ બુચ, કિશોરભાઈ જીકાદરા, ભરતભાઈ કવિ, તુષાર દવે, લીનાબેન મહેતા અને મીનાબેન સુથારે ઉપસ્થિત આ બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.
(તસવીર : કશ્યપ નીમાવત)

## હરિની દૃષ્ટિ...




**જો બેટા નવરાત્રિમાં ભણવાનું બગડે તેવા ઉજાગરા ન કરતી, પેટ બગલે તેવા નાસ્તા ન કરતી, કોક પાછળ પડે તેવા ઠૂમકા ન મારતી અનો ખાસ... જેહાદ થાય તેવો લવ ન કરતી...!!**



મહર્ષિ સ્વામી તેજાનંદજીની પૂણ્યતિથિ નિમિત્તે ગાંધીનગરના અંતિમધામમાં મુકાયેલી સ્વામીજીની પ્રતિમાને ભવ્ય પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. સિદ્ધપુરૂષ મહર્ષિ તેજાનંદ સ્વામીની પૂણ્યતિથિ ભાદરવા વદ ૧૪ના દિવસે આવે છે. સમગ્ર ગુરૂબ્રાહ્મણ સમાજ માટે ગૌરવરૂપ એવા સ્વામીજીનું હિન્દુ ધર્મના બહુ મોટું યોગદાન છે. તેઓશ્રીએ કઠોર તપ કરીને સમાજને સતમાર્ગે વાળવામાં મહત્વનો ફાળો આપ્યો છે. ભારતીય ગુરૂબ્રાહ્મણ વિકાસ પરિષદના પ્રમુખ ગીરીશ પંડ્યા, મહામંત્રી રીન્કુભાઈ શ્રીમાળી, ખજાનચી સુખાનંદભાઈ શ્રીમાળી અને ગાંધીનગર ગુરૂબ્રાહ્મણ સમાજના અગ્રણીઓ મહેન્દ્રભાઈ શ્રીમાળી-સમીસા, ભરતભાઈ શ્રીમાળી-કાકોસી, હરગોવનભાઈ જોષી - કહોડા, રાજેન્દ્રભાઈ શ્રીમાળી-આસજોલ હાલ ચાંદખેડા, કાંતિલાલ સાધુ, ભાનુભાઈ સહિતના અનેક લોકોએ મહર્ષિની પ્રતિમા સમક્ષ પુષ્પહાર અર્પણ કરીને ભાવપૂર્વક સમગ્ર સમાજ વતી ભવ્ય પુષ્પાંજલિ અર્પણ કરી હતી.



## જ્ઞાનકુંભ

- દર્શન મારૂ

### વર્તમાન પ્રવાહો

૧. ૨૦૧૩માં વૈજ્ઞાનિકોએ તારામંડળમાં કયું બ્લેકહોલ શોધ્યું ?
➜ **ઓફિયૂશસ**
૨. ૨૦૧૩માં ઓલિમ્પિક મશાલને કોના દ્વારા અતંરિક્ષમાં લઈ જવામાં આવી હતી ?
➜ **રશિયન અંતરિક્ષયાત્રી ઓલંગ કોટોવે, સર્ગેઇ ચ્યાઝાન્સ્કી**
૩. ૨૦૧૪માં નાશા સંસ્થાનું કયું અભિયાન નાસ થયું હતું?
➜ **લાડી**
૪. વર્ષ ૨૦૧૪માં એશિયા વિકાસ બેંકના સંચાલક મંડળમાં તાજેતરમાં કોની નિયુક્તિ કરવામાં આવી છે?
➜ **અરૂણ જેટલી**
૫. ૨૦૧૪માં અમદાવાદ ખાતે કેટલામો નેશનલ બુક ફેર યોજાયો હતો ?
➜ **ત્રીજો**
૬. ૨૦૧૪માં ગુજરાતનાં કયા સ્થળે રાષ્ટ્રીય ગણિત મહોત્સવ યોજાયો હતો ?
➜ **રાજકોટ**
૭. ૨૦૧૪માં જાણીતી અમૂલ ડેરીને કયો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો ?
➜ **ગ્રીન ગર્વનસ એવોર્ડ**
૮. ૨૦૧૩ માં મોન્સૂન ફેસ્ટિવલ ગુજરાતના કયા સ્થળે યોજાયો હતો ?
➜ **સાપુતારા**
૯. તાજેતરમાં મીઠી વીરડી ખાતે અણુ વીજમથકોને મંજૂરી આપવામાં આવી તે કયા શહેર નજીક આવેલ છે ?
➜ **ભાવનગર**
૧૦. ગુજરાતની સરકારી હોસ્પિટલોમાં કેટલી જેનેરિક દવા વિનામૂલ્યે આપવાનું નક્કી કરવામાં આવ્યું છે ?
➜ **૫૬૯**
૧૧. ૨૦૧૪માં વિકલાંગ રોલ મોડેલ એવોર્ડ કોને આપવામાં આવ્યો હતો ?
➜ **દશિંત શાહ**
૧૨. ૨૦૧૪માં રાજય કક્ષાનો જુવેનાઈલ સેમિનાર ગુજરાતના કયા શહેરમાં યોજાયો હતો ?
➜ **અમદાવાદ**
૧૩. ૨૦૧૪માં ગુજરાતની કઈ ડેરીને નેશનલ એનર્જી કન્ઝર્વેશન એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો ?
➜ **સુમૂલ ડેરી**
૧૪. ૨૦૧૪માં પક્ષી નિરીક્ષકોની સૌથી વૈશ્વિક પરિષદ કયાં યોજાઈ હતી ?
➜ **નળ સરોવર**
૧૫. ૨૦૧૪માં રાષ્ટ્રીય સેવા રત્ન પુરસ્કાર કોને આપવામાં આવ્યો હતો ?
➜ **પ્રબોધ મુનવર**
૧૬. ૨૦૧૪માં જૂનાગઢ યુનિવર્સિટી દ્વારા ખેડૂતોની મદદ માટે કયા નામે એફ.એમ.રેડિયો સ્ટેશનની શરૂઆત કરવામાં આવી છે ?
➜ **કૃષિવાણી એમ.એફ.**
૧૭. ૨૦૧૪માં સુરેન્દ્રનગરના સાયલા તાલુકાના કયા બે ગામને તીર્થગામ જાહેર કરવામાં આવ્યા હતા ?
➜ **સોનપરી, મંગળકુઇ**
૧૮. રાજયના સિનિયર સિટીઝનોને એસ.ટી.ના ભાડામાં કેટલા ટકા રાહત આપવામાં આવી છે ?
➜ **૫૦ %**
૧૯. ૨૦૧૪માં મૃત્યુ પામનાર શશીકાન્ત નાણાવટી કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ?
➜ **પત્રકારત્વ**
૨૦. ૨૦૧૪માં ગુજરાત રાજયનો કેટલામો સ્થાપના દિવસ ઉજવાયો હતો ?
➜ **૫૩મો સ્થાપના દિવસ**

# નવરાત્રીમાં ખેલૈયાઓ બનો મસ્ત, રમો મદમસ્ત અને કરો અર્ચન અંબાનું જબરજસ્ત!

હે યુવાને! તમારી છાતીમાં મોર અને ઢેલ ઘહેંકતા હશે, સ્પીકરોનો ધૂમ-ધૂમ અવાજ વાગવો શરૂ થઈ ગયો હશે અને મનમાં કોઈ ખૂણામાં કોયલ છાની-છપની આવી ગીત ગાતી હશે. કુશળ નટની જેમ પ્રેક્ટીસ સેશન ચાલતા હશે. કયા ગ્રૂપની સાથે જોડાવું તેની ચિંતા સતાવતી હશે. કયાંક પરીક્ષા દેવી પણ યાદ આવી જતા હશે. કારણ કે નવરાત્રીએ તમારા તનમનને પોતાનામાં સમાવી લીધા હશે. આ બધા કોલાહલમાં મા અંબાનો એકાદ મંત્ર કે સ્તુતિ તમારા કંઠમાંથી નીકળી ઊઠે તો સમજવું કે તમારામાં કોઈ કાર્યકારણની 'ભક્તિ પદારથ' જીવતો રહ્યો છે.

એવું લાગે છે કે નવરાત્રી વિશે થોડું પણ જાણી લઈશું તો નવરાત્રી વધું ચમકદાર બની જશે. એક પાથરણે બેસીને વિચારવા જેવી ઘણી બાબતો છે જ. જેમ કે નવરાત્રી શરૂ થવાની પાછળનું તાર્કિક કારણ શું હોઈ શકે? ગરબા શબ્દ કયાંથી આવ્યો? ગરબા શબ્દ કયાંથી આવ્યો? નવ દિવસ ફરવાની પાછળનું રહસ્ય શું હશે? તો આ બધા પ્રશ્નોના જવાબ મેળવવા માટે ભારતીયોની સંસ્કૃતિની કેટલીક પાયાની સમજને જાળવી જરૂરી છે. શક્તિની માગી એ નવરાત્રીનો મુખ્ય ઉદ્દેશ્ય છે. ભલે ને માનસિક શાંતિ કે શારીરિક શક્તિની માગણી હોય કે આપનાર મા સિવાય કોણ હોઈ શકે. ઘડુીલયો તે જ ગર્ભદીપ અને તે જ સૃષ્ટિની પ્રતિકૃતિ છે. તેમાંથી ગરબો શબ્દ ઉતરી આવ્યો છે. રાત્રીના તારાને અજવાળે રમતી સહિયરો કુદરતના ચમત્કારને બરાબર માણે છે. દશેરા સુધીમાં પાંચ જ્ઞાનેન્દ્રીય અને પાંચ કર્મેન્દ્રીય દ્વારા પૂજા કરવાની સમજ પાકી કરવાની આ રીત છે. માટે તો તે દસ દિવસની પૂજા છે. મહર્ષિ વ્યાસ વિરચિત ભગવતીસ્તોત્રમ્ ના કેટલાંક મંત્રાક્ષરો પૂજા દરમિયાન બોલી શકાય.

- જય મહિષિવિમર્દિનિ શૂલકરે (ત્રિશૂલ ધારિણી)
- જય લોક સમસ્તક પાપહરે.
- જય દેવિપિતામહવિષ્ણુતને,
- જય ભાસ્કરશક્રશિરો અવતને (બ્રહ્મા, વિષ્ણુ, સૂર્ય અને ઈન્દ્ર જેમને નમસ્કાર કરે છે)
- જય દેવિ સમસ્ત શરીરધરે.
- જય નાકવિદર્શિનિ દુખહરે (સ્વર્ગલોકનું દર્શન કરાવનારી અને દુઃખ હરનારી)
- જય નાકવિદર્શિનિ મોક્ષકરે,
- જયવાંછિતદાયિનિ સિદ્ધિવરે. (મન વાંછિત ફળ આપનાર)

સૌથી પહેલાં આપણી ઉપાસના પદ્ધતિને જાણવા આવશ્યક છે. સદીઓથી આપને પ્રકૃતિના પૂજક રહ્યા છીએ. સૂર્યથી શરૂ કરી નદી અને વડના વૃક્ષથી શરૂ કરી તુલસી સુધીના તત્ત્વોની આપણે પૂજા કરતાં રહ્યાં છીએ. ગાય અને નાગને પણ આપણે તહેવારો દરમિયાન હાથ જોડીને નમીએ છીએ. પ્રકૃતિના ભયંકર રૂપોથી બચવા માટે શારીરિક અને માનસિક શક્તિની જરૂરીયાત રહે છે. હિંસક પશુઓ સામે ટક્કર લેવા માટે પણ શક્તિની જરૂર છે જ. આમ શક્તિ વિના જીવવું દુષ્કર બની જાય. આ રીતે શક્તિની પૂજા શરૂ થઈ. આજે જેમ દરેક કંપનીના ચોક્કસ લોગો / પ્રતિક હોય છે તેમ દરેક દેવતાની એક ઓળખ ઊભી થાય તેવા હેતુથી તેમના ચિત્રો કે મૂર્તિઓ તૈયાર થઈ. જેમ એક હજારની નોટ/કાગળ પોતે હજાર રૂપિયા નથી પણ તેના ઉપર સરકારી સહિ-સિક્કા લાગવાથી તેની એક કિંમત ઊભી થઈ. જેમ કોઈ વ્યક્તિનો ફોટો એ વ્યક્તિ નથી છતાં પણ તે ફોટો સાથેનો આપનો વ્યવહાર વ્યક્તિ સાથેનો હોય તેવો જ પૂજ્ય. આદરણીય કે પ્રેમાળ હોય છે.

હિંદુ તિથિપત્ર અનુસાર મુખ્યત્વે આસો માસના પ્રથમ નવ દિવસો દરમિયાન હિંદુઓનો શક્તિપૂજનનો તહેવાર. તાંત્રિકો અને શાક્ત સંપ્રદાયના લોકો ૧૨ મહિનાઓનાં બેકી માસના પ્રથમ નવ દિવસો દરમિયાન પણ નવરાત્રી માને છે. નવરાત્રીમાં દેવી પાર્વતીના એક સ્વરૂપ દુર્ગાની પૂજા અને આરાધના કરવામાં આવે છે. પરિણામે બંગાળમાં તેને દુર્ગાપૂજા એવા નામે ઓળખવામાં આવે છે. નવરાત્રીમાં આખો દિવસ ઉપવાસ કરીને સવાર, બપોર અને રાત્રીએ નવે દિવસ મહિષાસુરમહિષાસુરમર્દિની દુર્ગાદેવીની પૂજા થાય છે. તેમાં રાત્રીએ કરવામાં આવતી પૂજા મુખ્ય ગણવામાં આવી છે. માર્કંડેયપુરાણમાં આવતી દુર્ગાસપ્તશતીનો પાઠ કરવો એ સાત્વિકી પૂજા છે.

### વિચારોનાં મધુવનમાં

પ્રા. ડૉ. રાકેશ પટેલ

અમેરિકા સ્થિત ડૉ. દિપક ચોપરા કહે છે : 'સત્યને સમજવાની ત્રણ રીત છે. પહેલી રીત છે પાંચ જ્ઞાનેન્દ્રિયોથી જોવું, બીજી રીત છે મસ્તિષ્કની આંખથી જોવું એન ત્રીજી રીત છે આત્માની આંખથી જોવું. જો કોઈ ડૉ. ચોપરાને પુછે કે વ્યક્તિમાં પરિવર્તન કયારથી શરૂ થાય છે. તો તેમનો જવાબ છે કે જયારે વ્યક્તિ પોતાની મર્યાદાઓમાંથી બહાર નીકલીને પોતાની જાતને એ પ્રકારના પ્રશ્નો પુછે કે 'અહીં મારી ભૂમિકા શું છે? હકીકતમાં હું શું ઈચ્છું છું. કયાં જઈ રહ્યો છું? નવરાત્રી ઉત્સવ એ માત્ર આંખેથી જોવા કે શરીરથી રમવા માટેનો ઉત્સવ ખરો કે? નવરાત્રી પણ મષ્ટિષ્કથી અને આત્માથી જાણવા અને સમજવા જેવી ઘટના છે.''

આપણામાં અને મહાન વ્યક્તિમાં શું ભેદ છે. તેઓ જે ઘટનાઓ અને સ્થિતિઓમાંથી પસાર થાય તેનો પૂરો તાગ મેળવી તે જ સમયે તેની પાસેથી કામ લઈ લે છે. તેઓ સમયનું સત્ય પારખી જાય છે. તો છો વિવેકાનંદ અને ભગતસિંહના પ્રહરીઓ. તમને કોઈ ન પહોંચે જો તમે મનથી કશુંક નક્કી કરી લો.

નવરાત્રીની નવ-નવ રાતો અને તેમાં યુવા હૈયાઓનો તરવરાટ માતા-પિતાને ચિંતિત કરવા પૂરતો છે. સંસ્કૃતિના દ્રાવણમાં સંસ્કારના બે ટીંપા સમયાંતરે નાખતાં રહેવા જોઈએ. નહિ તો દ્રાવણ બની જશે મીઠું ઝેર. કોચલામાંથી બહાર નીકળતાં નવલોહીયા યુવા-યુવતીઓ નવરાત્રીને નાચવા-કૂદવાથી કંઈક જુદા અર્થમાં સમજે તે જરૂરી છે. મનોરંજન સાથે મનોરંજનનો થાળ પીરસવાની જવાબદારી આપણા વરિષ્ઠ નાગરિકોની છે. યુવાનોને સલાહ આપતા પહેલાં મિત્રતાની વડિલોએ ઓઢવી આવશ્યક છે નહિ તો હકારનો 'હા - હા' બોલી જનાર દીકરો કે દીકરી પોતાની મસ્તીને બરાબર જાળવશે. રાતની સાથે મધુરતા અને માદકતા એની મેળે જોડાઈ જાય છે. ન ખબર પડતા યુવાનોની મસ્તી કયારે સસ્તી બની આફત રૂપ બની જાય તે વિશે કહેવું મુશ્કેલ છે.

નવરાત્રીમાં પ્રત્યેક દિવસે દેવીને સ્નાન કરાવી ત્રણે કાળ પૂજવામાં આવે છે. એ પછી આઠમને દિવસે પાયસ વગેરેનું તર્પણ કરી હોમહવન કરવામાં આવે છે. નવરાત્રીમાં વેદનું પારાયણ કરનાર મોક્ષ પામે છે. એવી જ રીતે નવે દિવસ ભવાનિ સ્તોત્રનો પાઠ કરવામાં આવે છે. નવે દિવસ-રાત અખંડ દીપ પ્રગટાવવામાં આવે છે. નવરાત્રીમાં ૯૧૦૦ કે ૧૦૦૦ દુર્ગાસપ્તશતીના પાઠ કરી, નવચંડી, શતચંડી કે સહસ્ત્રચંડી યજ્ઞ કરવામાં આવે છે. ગુજરાતમાં ગર્ભદીપ અર્થાત્ કાળાવાળા ઘડામાં દીપ મૂકીને લોકનૃત્યના જાણીતા પ્રકાર એવા ગરબા અને ગરબીઓ ગાવામાં આવે છે. વચ્ચે - વચ્ચે ગબ્બર ખડો કરી, તેના પર ગરબો, દીવા અને માતાની મૂર્તિ મૂકીને ગરબા ગાવામાં આવે છે. જયારે ગરબી એકલા પુરૂષો ગાય છે.

તમે જયારે નવરાત્રીમાં જાવ ત્યારે કયાં જાવ છો? કોની સાથે જાવ છો? અને કેટલા વાગે પાછા આવવાના છો? તે બરાબર કહીને જાવ. માતાપિતાની ચિંતા એ હકીકતે તો સંતાનની ચિંતા જ બની જાય છે. સમયની બહુ મોટી કિંમત છે. પિતાએ પણ યુવાનોની વાતમાં વિશ્વાસ મૂકતા થવું પડશે. તેના માટે ઘરના વડિલોની મહાન અને શ્રેષ્ઠ વાતો કહેવી જોઈએ. મહાન પરંપરાનો તું પ્રતિનિધિ છે તે વાત તેના મનમાં ઠસાવવી જોઈએ.

મા પાસે શક્તિની માગણી કરવી એ ગૌરવની વાત છે. હે મા! તું જ આ જગતનું ચક્ર ચલાવનાર છે. ગર્ભદીપ એ જગનું પ્રતિક છે. કોઈ અગોચર શક્તિ આ સૃષ્ટિને બરાબર ગતિ આપી રહ્યું છે. રમવું એટલે રમમાણ થવું. પણ શેમાં? કોઈ અસાધારણ વ્યક્તિત્વને જાણી લેવું તે સાધના છે.

આદિ શંકરાચાર્ય વિરચીત 'લલિતપંચકમ્' નામનું સ્તોત્ર અતિ પ્રશસાપાત્ર બન્યું છે. વિદ્યાની અધિષ્ઠાત્રી દેવી છે તથા વેદવાણી, અને મનની ગતિથી અતિ દૂર છે. કામેશ્વરી, કમલા, મહેશ્વરી, શામ્ભવી, જગત્તજનની, પરા વાગ્દેવી તથા પુરેશ્વરીનું પ્રાતઃકાલે સ્મરમ કરવું જોઈએ. શંકરાચાર્યનું બીજું સ્તોત્ર મીનાક્ષીપંચરત્નમ્ પણ પ્રસિદ્ધ છે. દેવ્યપરાધક્ષમાપનસ્તોત્રમ્ની વિશ્વ પ્રસિદ્ધ સૂક્તિ 'કુપુત્રો જાયતે કવિચિદપિ કુમાતા ન ભવતી' છે. આ સ્તોત્ર શંકરાચાર્ય દ્વારા લખાયેલ શ્રેષ્ઠ સ્તોત્ર કહી શકાય.